# બોમ્બે ડાઇંગનું રિટેલ એકમ ₹100 કરોડનું રોકાણ કરશે



**અમદાવાદ:** બોમ્બે ડાઇંગના રિટેલ વિભાગે આગામી ૨૦૨૦ સુધીમાં રૂ. ૧૦૦ કરોડની રોકાણ યોજના હાથ ધરી છે. આ યોજના હેઠળ ગુજરાત સહિત દેશભરમાં રિટેલ આઉટલેટ્સની સંખ્યા વધારવામાં આવશે, માર્કેટિંગ પાછળ વધુ ધ્યાન કેન્દ્રિત કરાશે, નવી પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવશે એમ કંપનીના સીઇઓ નાગેશ રંજનાએ જણાવ્યું હતું. કંપની ટૂંક સમયમાં બેડ, બાથ અને તેને લગતા સેગમેન્ટમાં ડિજીટલ ડિઝાઇન પ્રોડક્ટ લોન્ચ કરશે જે રૂ. ૭,૦૦૦થી વધુની કિંમતની રહેશે. કંપનીના આ ડિવિઝનની વર્તમાન રેવેન્યૂ રૂ. ૩૦૫ કરોડથી વધીને ૨૦૨૦ સુધીમાં રૂ. ૧,૦૦૦ કરોડ થવાનો અંદાજ મૂકવામાં આવે છે. કંપનીના કુલ કામકાજમાં પાંચ ટકાની રેવેન્યૂ આ ગાળામાં વધીને આઠ ટકા થશે.